# રાજ્યમાં કોરોના વધુ વિકરાળ, નવા ૪૫૪૧ કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૨ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૩૦૯૬૨૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૩૧૬ કેસ

ગાંધીનગર,તા.૧૦ ગુજરાતમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે, કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક ૪૫૪૧ કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત રસીકરણ છતા કોઈ પણ પ્રકારે રાજ્યમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં ૪૫૪૧ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૨૮૦ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૩,૦૯,૬૨૬ દર્દીઓ કોરોનાને મહાત્મ આપી ચુક્યા છે. જો કે રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૯૧.૮૭ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૭૬,૩૦,૫૨૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૯,૮૪,૫૮૩ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૮૬,૧૫,૧૦૮ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૨,૨૪,૩૦૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૫૦,૪૫૫ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૨૨,૬૯૨ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૧૮૭ લોકો વેન્ટિલેટર પર છે અને ૨૨,૫૦૫ લોકો સ્ટેબલ છે. ૩,૦૯,૬૨૬ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૪૬૯૭ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે ૪૨ લોકોનાં દુખદ નિધન થયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૨, સુરત કોર્પોરેશનમાં ૧૪, વડોદરા કોર્પોરેશનમાં ૪, રાજકોટ કોર્પોરેશન ૩, વડોદરા ૨, ભાવનગર ૧, છોટાઉદેપુર ૧, દાહોદ ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧, જામનગર કોર્પોરેશન ૧, રાજકોટ ૧ અને સુરતમાં ૧ આ પ્રકારે કુલ ૪૨ લોકોનાં ગુજરાતમાં મોત નિપજ્યાં છે.

### પોલીસવડા ક્યાં સુધી ચુપ રહેશે

## ઈસરી પી.એસ.આઈ.એ નશામાં ધૂત થઈ સરકારી વાહન દોડાવ્યું

### ખાખી વર્દીએ દારૂબંધીના ધજાગરા ઉડાડ્યા, વિડિયો વાયરલ, અંતે પોલીસ ફરીયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ ગાંધીજીના ગુજરાતમાં દારૂબંધીની દુહાઈ આપતી પોલિસ ક્યારેક કાયદાના ધજાગરા જાહેરમાં ઉડાવતી હોય છે. અરવલ્લીના ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. નશામય હાલતમાં સરકારી વાહન બેફામ ચલાવી ભય ઉભો કર્યાનો વિડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ થતાં જિલ્લા પોલીસની આબરૂના સમગ્ર રાજ્યમાં ધજાગરા ઉડ્યા છે. દારૂડિયાઓને પકડનાર ખુદ દારૂડિયા બની જતાં પોલીસની શાખ તળીયે ગઈ છે. ઈસરીના પી.એસ.આઈ. વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં દારૂના બુટલેગરો સાથે પોલીસની જુગલબંધી જગજાહેર છે. વાહનોમાંથી જપ્ત કરવામાં આવેલ વિદેશી દારૂ સગેવગે કરવામાં પોલીસની ઈમેજ ખરડાયેલી છે ત્યાં પીધેલા પીએસઆઈ બી.એલ.રોહિતએ ફરી એકવાર પોલીસતંત્રને બેઆબરૂ કરી મુકયું છે. પોલીસસુત્રોએ આપેલી જાણકારી અનુસાર ગતરોજ પોલીસનું સરકારી વાહન કંટાળુ હનુમાનજી મંદિરથી ઈસરીમાં પુરપાટ ઝડપે દોડતું હોવાથી ગ્રામજનો અને વેપારીઓ ચોંકી ઉઠ્યા હતા. બેફામ સરકારી વાહન હંકારવાનો વિડિયો જાગૃત નાગરિકે ઉતારી વાયરલ કરતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં હલચલ મચી. તપાસ દરમિયાન ઈસરી પી.એસ.આઈ.એ કેફી દ્રવ્ય લીધા પછી વાહન બેફામ રીતે હંકારી ભય ઉભો કર્યો હતો અને સરકારી વાહનને થાંભલા સાથે ભીટકાવી નુકસાન પહોંચાડ્યું હતું. સમગ્ર કેસમાં પોલીસ ઉપર માછલાં ન ધોવાય તે માટે મોડેથી પોલીસ સ્ટેશનના સરકારી વાહનના ડ્રાઈવર ભાવીક સોમાભાઈની ફરીયાદના આધારે ગુન્હો નોંધ તપાસ શરૂ કરવામાં આવી છે.

### ફરીયાદ નોંધાતા પીએસઆઈ રજા ઉપર ઉતર્યા, ટાઈફોઈડનું કારણ આગળ ધર્યું

ઈસરી પીએસઆઈ બી.એલ.રોહિતએ દારૂના નશામાં ઈસરી ગામમાં બેફામ જીપ દોડાવી અન્ય લોકોના જીવ જોખમમાં મુકી દેવાની સાથે વીજ થાંભલા સાથે સરકારી જીપ ટકરાવી દીધાની ફરીયાદ ઈસરી પોલીસ સ્ટેશનમાં નોધાતાની સાથે જ પીધેલા પોલીસ મહાશય તાબડતોબ રજા ઉપર ઉતરી ગયા છે. પોતાને ટાઈફોઈડની અસર થઈ હોવાનું બહાનું આગળ ધરી ચર્ચાસ્પદ પીએસઆઈ પોલિસ સ્ટેશન છોડી ઘર ભેગા થઈ ગયાનું જાણવા મળ્યું છે.

### અંતે બહુચર્ચિત પી.એસ.આઈ. સસ્પેન્ડ

ઈસરી પી.એસ.આઈ. નશામય હાલતમાં વાહન હંકારતા હોવાનું વિડિયો વાયરલ થતાં પોલીસ ફરિયાદ થઈ છે. ત્યારે જિલ્લા પોલીસ વડાએ ઈસરી પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કર્યાનું બહાર આવ્યું છે.



**ધનસુરામાં ડે.ડીડીઓ, ટીડીઓ સહિત ટીમ દ્વારા નગરમાં માસ્ક ડ્રાઈવ**

કોરોનાના વધતા સંક્રમણ ને લઈ તંત્ર પણ એકશનમાં આવ્યું છે લોકો માસ્ક પહેરે અને નિયમોનું પાલન કરે એ માટે ધનસુરામાં ડે ડીડીઓ સાધુ સાહેબ, ટીડીઓ રાકેશભાઈ પટેલ, તલાટી મહેશભાઈ, ગ્રામ પંચાયતના ક્લાર્ક પ્રદીપભાઈ ગુમાસ્તા ધારા ઈન્સપેક્ટર અર્પણભાઈ સ્ટાફ પોલીસ સહિત ટીમ ધ્વારા નગરમાં માસ્ક ન પહેરનારને દંડ કરવામાં આવ્યો હતો. ટીમ ધ્વારા ગામમાં ડોર ટુ ડોર ફરીને ચેકિંગ કરવામાં આવ્યું હતું. ધનસુરા બજાર સહિતના વિસ્તારોમાં ચેકિંગ કરાયુ હતુ.

હાલમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે એવામાં સંક્રમણ વધુ ન થાય એ માટે સમગ્ર ટીમ ધ્વારા ગામમાં ફરી લોકોને માસ્ક ન પહેરનારને સમજાવવામાં આવ્યા હતા. હાલમાં રસીકરણ પણ શરુ છે એવામાં લોકો જાગૃત થાય નિયમોનું પાલન કરે તો કોરોનાનું સંક્રમણ ઘટે જેને લઈને તંત્ર ધ્વારા સૂચનો આપવામાં આવ્યા હતા. હાલની પરિસ્થિતિમાં પણ કેટલાક લોકો માસ્ક વગર બજારમાં ફરતા દેખાય છે જેનાથી કોરોના સંક્રમણ વધી શકે છે.

## રાજ્યમાં આજે વધુ ૨૪,૬૮૭ રેમડેસિવીર ઈન્જેક્શન ઉપલબ્ધ થયા

ગુજરાતમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સની ઉપલબ્ધિ સરળ થઈ રહી છે. આજે વધુ ૨૪,૬૮૭ ઈન્જેક્શન્સ ગુજરાતમાં ટ્રેડ સપ્લાયમાં અને રાજ્ય સરકારના ઉપયોગ માટે ઉપલબ્ધ થયા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની આગેવાનીમાં કોર કમિટીની બેઠકમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સની પ્રતિદિન સમીક્ષા કરવામાં આવે છે અને રેમડેસિવીર ઈન્જેક્શન્સ વધુમાં વધુ ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.


રેમડેસિવીર ઈન્જેક્શન્સનો વપરાશ ખૂબ જ વધ્યો છે. ગયા મહિને સમગ્ર માર્ચ મહિના દરમિયાન ગુજરાતમાં ૧,૬૩,૭૧૬ રેમડેસિવીર ઈન્જેક્શન્સની જરૂર પડી હતી. એપ્રિલ મહિનામાં ઈન્જેક્શન્સની વધુ જરુરીયાત ઉભી થઈ ત્યારે રાજ્ય સરકારે આગોતરુ આયોજન કરીને રેમડેસિવીરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નો કર્યા છે. અત્યારે એપ્રિલ મહિનાના આ નવ દિવસોમાં જ ૧,૭૦,૭૩૮ રેમડેસિવીર ઈન્જેક્શન્સ નાગરિકોની સેવા માટે ઉપલબ્ધ કરાયા છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી રેમડેસિવીરનો ખૂબ મોટો જથ્થો ગુજરાતને મળી રહ્યો છે. રાજ્ય સરકારે ૩ લાખ ઈન્જેક્શન્સ ખરીદવાનો ઓર્ડર આપી દીધો છે, અને વરિષ્ઠ અધિકારીઓના પ્રયાસોથી નિયમિત રીતે રેમડેસિવીર ઈન્જેક્શન્સ ઉપલબ્ધ થઈ રહ્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર શ્રી ડૉ. હેમંત કોશિયાએ જણાવ્યું હતું કે, ભારતમાં રેમડેસિવીર ઈન્જેક્શન્સના માત્ર છ ઉત્પાદકો છે, જે તમામ મળીને પ્રતિદિન ૩ થી ૪ લાખ ઈન્જેક્શન્સનું ઉત્પાદન કરે છે અને આખા દેશની માંગણીને પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે. આવી પરિસ્થિતીમાં રાજ્ય સરકારના પ્રયત્નોથી ગુજરાતમાં માત્ર નવ દિવસમાં ૧,૭૦,૭૩૮ ઈન્જેક્શન્સ મળ્યા છે. ગુજરાતની ઈન્જેક્શન્સની જરૂરિયાતને પહોંચી વળવા પૂરતું આયોજન કરાયું છે અને હવે ધીમે ધીમે પરિસ્થિતિ હળવી થઈ રહી છે.



**આજથી ઘ-૪નો અન્ડર પાસ ખૂલ્લો મુકાશે**

## હિંમતનગરના કાટવાડ રોડ ઉપર ઘન કચરાની સાઈડ ઉપર આગ ભભૂકી ઉઠી



હિંમતનગરના કાટવાડ રોડ ઉપર નગરપાલિકા સંચાલિત ઘન કચરાની સાઈડ ઉપર ગઈકાલે રાત્રી દરમિયાન એકાએક આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા આગ લાગવાની ઘટના અંગે ફાયર બિગેડને જાણ કરવામાં આવતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આજે વહેલી સવારથી જ ૩૦,૦૦૦ લિટર થી પણ વધુ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ઘન કચરાની આ સાઈડ ઉપર ચોકીદાર હોવા છતાં અવારનવાર આગ લાગવાના બનાવો બનતા રહે છે આ ઘન કચરાની સાઈડ ઉપર છેલ્લા એક વર્ષમાં ત્રીજી - ચોથી વખત આગ લાગવાની ઘટનાને પગલે નગરપાલિકા ની કામગીરી અંગે અનેક સણસણતા સવાલો ઉભા થવા પામ્યા છે.

## કોરોના કોર્નર

- સીબીએસસી બોર્ડની પરીક્ષાઓ કાર્યક્રમ મુજબ જ લેવાશે, મોકુફ રખાશે નહિ.
- ઊંઝા માર્કેટયાર્ડ શનિ-રવિ સંપુર્ણ રજા પાળશે અને સોમવારથી ૩૦મી સુધી ૬.૦૦ વાગ્યા સુધી જ વેપાર-ધંધો થશે.
- મોરબીમાં શનિ-રવિ સંપુર્ણ બંધ રહેશે, બાકીના ૫ દિવસ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી બજારો ખુલ્લા રહેશે.
- પાવાગઢ મહાકાળીમાતાનું મંદિર ચૈત્રી નવરાત્રી એટલે કે ૧૨ થી ૨૨ એપ્રિલ બંધ રહેશે.
- ઉત્તર ગુજરાતના ડીસા, બાયડ, ઊંઝા અને મહેસાણા શનિ-રવિ સંપૂર્ણ બંધ રહેશે.
- ગાંધીનગર જિલ્લાના લવારપુર, ખોરજ, ઉનાવા સહિતના અનેક ગામો ચાર દિવસ સંપુર્ણ બંધ રહેશે.
- હરિદ્વાર કુંભમેળામાં ફરજકર્મી ચાર મહિલા સુરક્ષાકર્મીઓ કોરોનાથી સંક્રમિત.
- આઈઆઈટી રૂડકીમાં એક સાથે ૯૦ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત.
- સુરતમાં સ્મશાનગૃહમાં મૃતદેહો ગણવાની જવાબદારી હવે શિક્ષકોને સોંપી.
- છેલ્લા ૨૪ કલાકમાં નવા કેસની સંખ્યામાં ભારત સતત અઠવાડિયાથી પ્રથમ સ્થાને.
- મોરબીમાં ૪૮ કલાકમાં કોરોના કેસની લેબોરેટરી શરૂ કરાશે.
- કોરોનાના કેસ વધતા નલિયા મામલતદાર કચેરી બંધ કરાઈ.
- દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં ૩૭ ડૉક્ટરો કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રમાં ૯૩.૪૫ લાખ નાગરિકોએ કોરોના વેક્સિન લઈ લીધી.
- ગુજરાતમાં એક મહિનો દર શનિ-રવિ પાનના ગલ્લા બંધ રહેશે.
- ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ જગદીશ ભાવસાર કોરોનાથી સંક્રમિત.
- ભાજપના વધુ બે ધારાસભ્ય સર્વશ્રી સુરેશ પટેલ (મણીનગર), પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા) કોરોના સંક્રમિત થયા.
- ગુજરાત યુનિવર્સિટીમાં સંક્રમણ વધતા પાંચ દિવસ વર્ક ફ્રોમ હોમનો આદેશ.
- ભરૂચ, દ્વારકા, મહેસાણા, ઊંઝા અને હાંસોટ પાંચ દિવસ સ્વયંભુ લોકડાઉન પાળશે.
- વેક્સીનની નિકાસ તાત્કાલિક અટકાવવા રાહુલની માંગણી.
- ગુજરાતમાં હાલ ૨૦ લાખ ડોઝનો જથ્થો છે, માત્ર છ દિવસ ચાલે એટલો જ છે.
- સુરતમાં ધન્વંતરી રથના ડૉક્ટર અને સફાઈકર્મી વચ્ચે ઉગ્ર બોલાચાલી.
- રસી લીધા બાદ એઈમ્સના ૩૫ ડૉક્ટરો કોરોનાથી સંક્રમિત થતા ચકચાર.

## શામળાજીના ખિલોડા ગામમાં બુટલેગરના ઘરે રેડ કરી એલસીબી પોલીસે ૬ હજારના દારૂ સાથે બુટલેગરની ધરપકડ

બાયડ, તા.૦૮ અરવલ્લી એલસીબી પોલીસે બાતમીના આધારે ભિલોડા તાલુકાના ખિલોડા ગામમાં દરમિયાન ખાનગી રાહે મળેલી બાતમીના આધારે અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ખિલોડા ગામમાં રહેતા યોગેશ



બુટલેગરના ઘરે રેડ કરી રૂ. ૬ હજારના વિદેશી દારૂની સાથે બુટલેગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અરવલ્લી એલસીબી પોલીસ શામળાજી પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ભરતભાઈ મેણાતના કરી એલસીબી પોલીસે રેડ કરી વિદેશી દારૂની બોટલો નંગ- ૧૬ કિં.રૂ. ૬૬૦૦/- નાં મુદામાલ સહિત આરોપીની ધરપકડ કરી શામળાજી પોલીસ મથકે ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### હર્ડ ઈમ્યુનિટી.... ● છેલ્લા પાનાનું ચાલુ

બાળકોમાં કોરોના સંક્રમણ વધ્યું છે તેથી વધારે સાવચેતી રાખવી જરૂરી છે. કોવિડનો યુકે વેરિયન્ટ આપણા દેશમાં છે જે ચાર થી છ ગણી ઝડપથી ફેલાઈ રહ્યો છે. રસીના ડોઝની સામે આડઅસરના માત્ર ૦.૦૦૧ ટકાથી ઓછા કિસ્સા આવતા હોય છે.

ડૉ. દિલીપ માવલંકર (ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ) : માસ્ક, સેનેટાઈઝેશન અને સોશ્યલ ડિસ્ટન્સિંગ ખૂબ જરૂરી છે. કોરોનાનો આ બીજો વેવ ત્રણ ગણો ઝડપી છે તેથી કેસોની સંખ્યા વધી રહી છે. જેમણે રસીકરણ કર્યું છે તેમને કોરોના થવા અંગે સંશોધન ચાલી રહ્યું છે. વિશ્વમાં અલગ અલગ વાયરસની રસી બનાવવામાં વર્ષો વિતી જાય છે ત્યારે કોરોનાની રસી બનાવવામાં એક વર્ષનો સમય લાગ્યો છે જે એક ઉપલબ્ધી છે. રસી એ માત્ર પ્રોડેક્શન છે. જેમણે રસી લીધી છે તેઓ મોટાભાગે બીજાને સંક્રમિત કરી શકતા નથી. આ વખતે વેક્સિનેશન, વેન્ટિલેશન અને વલ્નરેબલ્સ કેરનું સૂત્ર અપનાવવું પડશે.

ડૉ. અતુલ પટેલ (સ્ટર્લિંગ હોસ્પિટલના ડાયરેક્ટર) : કોરોના અંતે ગેરમાન્યતાઓ પ્રવર્તી રહી છે. કોરોના સંક્રમણના ૮૦ ટકા જેટલા દર્દીઓને સામાન્ય લક્ષણો હોય છે તેથી તેમણે હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. દવા વિના રિકવરી પણ થતી હોય છે. આ દર્દીઓએ માત્ર ખૂબ પાણી પીવું જોઈએ અને આરામ કરવો જોઈએ. શરીરને કષ્ટ પડે તેવી કસરતો કરવી નહીં. ઓક્સિઝન લેવલ ૯૪ કે તેથી વધુ હોવું જોઈએ. જો ઓક્સિજન લેવલ ઓછું થાય તો ડોક્ટરની સલાહ લેવી હિતાવહ છે. રેમડેસિવિર ઈન્જેક્શનની આડઅસર હોવાથી જરૂર ના હોય તો લેવું ન જોઈએ, કારણ કે તે લાઈફ સેવિંગ ડ્રગ્સ નથી. તે માત્ર હોસ્પિટલનો સ્ટે ઓછો કરે છે. તમામ પોઝિટીવ દર્દીઓ માટે સ્ટીરોઈડ પણ લેવું હિતાવહ નથી. આ વાયરસ ચેપી કરતાં ઈન્ફેલેમેટરી ડિસિઝ છે. જે શરીરના અંતરના ભાગ સુધી પહોંચી જાય છે અને ફેફસા, કિડની, લીવર અને આંતરડા જેવા અંગોમાં સોજો પેદા કરે છે. ડેક્ઝામિથેસોન અને ટોસિલિઝુમેબ દવા ઝડપછી રિકવરી લાવે છે.

ડૉ. તુષાર પટેલ (સ્ટર્લિંગના પલ્મોનોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલિસ્ટ) : કોરોના સંક્રમણ થયા પછી સૌથી સરળ ઉપાય હોમ આઈસોલેશન છે પરંતુ ઓક્સિઝન લેવલ અને શરીરનું તાપમાન સતત તપાસવું જોઈએ. જો ફીવર હોય તો આઠ કલાકના અંતરે પેરાસિટામોલ લેવી જરૂરી છે. ઊંધા સૂઈ જવાથી ફેફસામાં સંક્રમણ ઘટે છે અને ફાયદો થાય છે. યોગ અને પ્રાણાયામ પણ કરી શકાય છે. કોરોનાની મુખ્ય સારવાર ઓક્સિજન છે. તે પર્યાપ્ત માત્રામાં મળી રહે તો દર્દીને વાંધો આવતો નથી. આ વેરિયન્ટમાં બાળકોને ઝાડા, પેટમાં દુખાવો, તાવ, સામાન્ય શરદી જેવા લક્ષણો દેખાય છે. આ વખતે યુવાનો અને બાળકોમાં કોરોનાના લક્ષણો વધુ દેખાઈ રહ્યાં છે.

ડૉ. મહર્ષિ દેસાઈ (એપોલોના ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ) : શરીરમાં પુરતા પ્રમાણમાં પ્રવાહી હોવું જરૂરી છે જે વાયરસ સામે રક્ષણ આપે છે. ૨૦ ટકા કેસો પૈકી ૧૫ ટકાને હોસ્પિટલની જરૂર હોય છે જ્યારે ૫ ટકા કેસોમાં આઈસીયુની જરૂર પડે છે. કોરોનાનો આ નવો વેરિયેન્ટ યુકે, બ્રાઝીલ કે સાઉથ આફ્રિકાથી આવ્યો છે તે અંગે સંશોધન ચાલી રહ્યું છે. મોટાભાગના કિસ્સામાં સિટીસ્કેનની જરૂર હોતી નથી. પોઝિટીવ આવ્યા પછી પાંચ થી સાત દિવસે જરૂર પડ્યે સિટીસ્કેન કરાવી શકાય છે.

### ગુમ દર્દી.... ● છેલ્લા પાનાનું ચાલુ

આવ્યો હતો. જેથી ગાંધીનગર સિવિલ આવી પહોંચેલા તેમના પરિવારના સભ્યોએ હોબાળો મચાવી દીધો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે બે દિવસ સુધી વોર્ડમાં અશ્વિનભાઈની શોધખોળ કેમ ન કરી, જેને પગલે સિવિલ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. પરિવારના સભ્યોએ ન્યાય ન મળે અને જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસરના પગલા ભરવામાં આવે તે પછી જ મૃતદેહ સ્વીકારવામાં આવશે તેમ કહેતા એક તબક્કે સિવિલ તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. હોસ્પિટલમાં હોબાળોને પગલે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. મોડીસાંજ સુધી મૃતકના પરિવારજનો, પોલીસ અને સિવિલના સત્તાધિશો વચ્ચે મેરથોન બેઠક યોજાઈ હતી. ત્યારબાદ સિવિલ તંત્ર દ્વારા પરિવારજનોને જવાબદાર વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યા બાદ પરિવારના સભ્યોએ મૃતદેહ સ્વીકાર્યો હતો.

### રૌદ્ર સ્વરૂપ.... ● છેલ્લા પાનાનું ચાલુ

કોલેજના અધ્યાપક, સોફટવેર ડેવલપર, વેપારી, મેડીકલ સ્ટોર સાથે સંકળાયેલ એક વ્યક્તી અને પોલીસ કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે છુટા છવાયા કેસો મળવાના શરૂ થયા છે તેમજ અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સઘન સર્વેલન્સ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે જોવા ઉપરાંત હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અંગે તંત્રએ તાકીદ કરી છે.

શહેરમાં આજે સે. ૨ માંથી ૯, ગાંધીનગરનું હૃદય ગણાતા સે. ૨૧ માંથી પાંચ, સે. ૮ માંથી ૬, સે. ૪ માંથી ૪, સે. ૨૪ અને સે. ૩૦ માંથી ૩-૩ કેસ, સે. ૧૪ માંથી બે કેસ મળી આવવા ઉપરાંત સે, ૫, ૨૨, ૨૬, ૨૯, ૨૭, ૨૦, ૭, ૧૬ અને આદિવાડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૪૫૦ થી વધુ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૪૦૦ થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં સાત હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.


**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.,**

બીજ ભવન, સેક્ટર-૧૦/અ, ગાંધીનગર-૩૮૨૦૧૦
સીસી.એલ.એમ વિભાગ : ફોન નં-૨૩૨૫૬૭૧૬, ૯૨
ફેક્સ : ૨૩૨૫૬૭૧૮

**જાહેર નિવિદા**

ગુજરાત રાજય રાજય બીજ નિગમ લિ., ગાંધીનગરને વડી કચેરી ખાતે બીન ઉપયોગી જુના મોનીટર/સીપીયુ/પ્રિંટર/સ્કેનર વગેરે બિન ઉપયોગી ઉપકરણો જે હાલતમાં છે તે ફક્ત ટેન્ડર પધ્ધિતથી જાહેર હરાજીથી વેચાણ કરાવાની થાય છે. આ બિન ઉપયોગી ઉપકરણો રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન વડી કચેરી ખાતે રૂબરુમાં જોવા મળશે. વેચાણ અંગેની ટેન્ડરની શરતો તથા ટેન્ડર ફોર્મ નિગમની વડી કચેરી સેક્ટર ૧૦/અ, ગાંધીનગર ખાતે રૂ.૧૦૦/- ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ) ભરી તાઃ-૦૧/૦૫/૨૦૨૧ સુધીમાં જાહેર રજાના દિવસો સિવાય સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૧૬:૦૦ કલાક સુધીમાં રૂબરુ મેળવી લેવાનાં રહેશે. ભરેલ ટેન્ડરના સીલબંધ કવર મોકલી આપવાની છેલ્લી તાઃ-૦૩/૦૫/ ૨૦૨૧ સાંજે ૧૬:૦૦ કલાક સુધીની રહેશે.

સહિ/-
(પી.એસ.રબારી)
મેનેજીંગ ડીરેકટર